# સિવિલ ડિફેન્સ મોકડ્રિલ – ઓપરેશન અભ્યાસ

સુરત જિલ્લા ના નાગરિકો માટે જિલ્લા કંટ્રોલર તથા કલેક્ટરશ્રી સુરત તરફ થી સંદેશ

ભારત સરકારશ્રીની સુચના અન્વયે "ઓપરેશન અભ્યાસ મોકડ્રિલ તા. ૦૭–૦૫–૨૦૨૫ ના રોજ સાંજે ૪ થી ૮ કલાક દરમ્યાનમાં યોજવાની થાય છે.

**વિશેષ નોંધ:** આ ફકત એક તાલીમ ના ભાગરૂપે મોકડ્રિલ નું આયોજન કરેલ છે જેથી આમાં તમામ નાગરિકો દ્વારા સંપૂર્ણ સહકાર અપેક્ષિત છે તથા આ તાલીમ બાબતે ખોટી અફવાઓ ફેલાવવી નહીં.

સુરત જિલ્લાના તમામ વિસ્તાર એટલે કે મહાનગરપાલિકા, સુરત જિલ્લાની તમામ નગરપાલિકાઓ તથા તમામ ગામમાં આ મોકડ્રિલ ના ભાગરૂપે નીચે મુજબ ની કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ નાગરિકો એ નોંધ લેવી:

૧. સાંજે ૦૪:૦૦ વાગ્યે સુરત મહાનગરપાલિકા, રેલવે સ્ટેશન તથા ફાયર વિભાગ અને તમામ એમ્બ્યુલન્સ મારફત સાઈરન વગાડી ને હવાઈ હુમલો (એર રેડ) થવાનો છે એવો સંકેત આપવામાં આવશે. આ સાઈરન ૨ મિનિટ સુધી ચઢતી–ઊતરતી તીવ્રતા થી વાગશે.

૨. સાઈરન સંભળાય એટલે હવાઈ હુમલો થવાનો છે એમ માનીને દરેક વ્યક્તિ એ નજીક ના સુરક્ષિત સ્થાને પહોંચવાની તૈયારી રાખવી. સુરક્ષિત સ્થાન નજીક નું કોઈ પણ પાકું મકાન/દુકાન હોઈ શકે.

૩. કોઈ પણ અફવા નહિ માનવી તથા વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયાના માધ્યમથી મળતી માહિતી ને સરકાર ના માહિતી વિભાગ ની અધિકૃત માહિતી સાથે ચકાસી ને પછી જ ખરી માનવી તથા તેનો પ્રસાર કરવો.

૪. સાંજે ૭.૩૦ કલાકે અંધારપટ (બ્લેક આઉટ) કરવાનો રહશે. ૭.૩૦ થી ૮ કલાક સુધી ૩૦ મિનિટ અંધારપટ (બ્લેક આઉટ) રાખવું જેમાં દરેક નાગરિકે તેઓના ઘર/ઓફિસ ની તમામ લાઇટ બંધ કરી દેવાની રહશે તથા તમામ સ્થાનિક સત્તામંડળો એ સ્ટ્રીટ લાઇટ તથા જાહેર જગ્યાઓ પર અંધારપટ કરવાનો રહશે. આ અંધારપટ મુખ્યત્વે દુશ્મન ને ક્યાં હુમલો કરવો તે ખબર ન પડી શકે એટલા માટે કરવામાં આવે છે. સંપૂર્ણ રીતે સૌ નાગરિકો જ પોતાની રીતે શહેર/ગામ માં અંધારપટ કરે તે આ મોકડ્રીલ નો હેતુ છે.

૫. સાંજે ૮ કલાકે હવાઈ હુમલો ની મોકડ્રીલ પૂર્ણ થશે અને આપ રાબેતા મુજબ આપની કામગીરી કરી શકો છો.

૬. આ ડ્રિલ સમયે કોઈ પણ સહાય મેળવવા તથા સાચી માહિતી મેળવવા (૧) સુરત શહેર પોલીસ કંન્ટ્રોલ રૂમ : ૦૨૬૧–૨૨૪૧૩૦૧ (૨) સુરત ગ્રામ્ય પોલીસ કંટ્રોલ રૂમ : ૦૨૬૧૨૬૫૧૮૪૦ (૩) જિલ્લા ડિઝાસ્ટર કંન્ટ્રોલ રૂમ નં ૦૨૬૧–૨૬૬૩૨૦૦, ૨૬૬૩૬૦૦ નો સંપર્ક કરવો.

**-----જિલ્લા વહીવટી તંત્ર સુરત -----**